**શ્રી એમ.એમ.અગ્રવાલ ન્યાયાધિશ, શ્રમ અદાલત અને એક્સ ઓફિસીયો કમીશ્નર ફોર ધી એમ્પ્લોઈઝ કોમ્પનસેશન, મહેસાણા.**

**વ.કો.(નોન ફેટલ) અરજી નં. ૭/૨૦૧૩**
**આંક–૬૭**

અરજદાર – અશ્વિનસિંહ હેતલસિંહ ચાવડા,
રહે.મુલસણ, તા.જી.મહેસાણા.

**// વિરૂધ્ધ //**

સામાવાળા – (૧) કાર્ગો મોટર્સ પ્રા.લિ.,
આર.ટી.ઓ.મહેસાણાની સામે, હાઈવે, મહેસામા.પુર.
(૨) કાર્ગો મોટર્સ પ્રા.લિ.,
નેશનલ હાઈવે, મુ.ગાંધીધામ (કચ્છ)
(૩) કાર્ગો મોટર્સ પ્રા.લિ.,
કાર્ગો હાઉસ, ગાંધી આશ્રમ સામે, વાડજ, અમદાવાદ.
(૪) બજાજ એલાયન્સ જનરલ ઈન્સ્યોરન્સ કંપની લી.,
૨૦૪–૨૦૬, ટાઈમ્સ સ્કવેર પરીસીમા કોમ્પલેક્ષની બાજુમાં,
સી.જી.રોડ, એલીસબ્રીજ, અમદાવાદ.

**<u>પ્રતિનિધિત્વ</u> –**

| | | |
|---|---|---|
| અરજદાર તરફે | – | વિ.વકીલશ્રી એચ.આર.ભાવસાર. |
| સામાવાળા નં.૧ થી૩ તરફે | – | વિ.વકીલશ્રી વી.એમ.ગોસ્વામી. |
| સામાવાળા નં.૪ તરફે | – | વિ.વકીલશ્રી એસ.જી.શાહ. |

**// હુકમ //**

**(૧)** અરજદારે આ વળતર અરજી કામદાર વળતર અધિનિયમની જોગવાઈ મુજબ રૂ.૬,૦૪,૮૦૦/– ૧૮ ટકા વ્યાજ તથા ૫૦ ટકા પેનલ્ટી સહીતની રકમ આ કામના સામાવાળાઓ ચુકવી આપે તેવી દાદ માંગેલ છે જેની ટુંકમાં હકીકત એવી છે કે અરજદાર સામાવાળા નં.૧ કંપનીમાં મીકેનીકલ પોસ્ટમાં લેબર તરીકે તા.૦૧/૦૪/૨૦૧૧ થી માસીક રૂ.૩૦૦૦/– ના પગારથી નોકરી કરતા હતા. સામાવાળા નં.૧

શાખા મહેસાણા ખાતે આવેલ છે તેમજ સામાવાળા નં.૨,૩ ની સલાહ અને તકેદારી નીચે થાય છે. અરજદાર તા.૨૧/૧૦/૨૦૧૧ ના રોજ સામાવાળા નં.૧ ની કંપનીમાં ફરજ બજાવતા હતા ત્યારે બપોરના સુમારે સામાવાળા નં.૧ના કહેવાથી ઓફિંસની છત ઉપર સીરીજ બાંધવા જણાવતા અરજદાર તેમના બે વર્કરો સાથે સીરીજ બાંધવા ચઢેલ તે સમયે ઓફીસની છત ઉપરથી સેડ તુટી જતા નીચે પડી જતા ઈજા થતા સામાવાળાએ અરજદારને લાયન્સ હોસ્પિટલમાં અંદરના દર્દી તરીકે દાખલ કરેલ. અરજદારને તા.૨૧/૧૦/૨૦૧૧ થી તા.૩૦/૧૦/૨૦૧૧ સુધી અંદરના દર્દી તરીકે દાખલ થયેલ. ત્યારબાદ અરજદારને ઓપરેશન કરવા માટે તા.૨૮/૧૧/૧૧ થી તા.૩/૧૨/૧૧ સુધી ફરી દાખલ કરી ઓપરેશન કરવામાં આવેલ અને તે સમયે પોલીસ ફરીયાદ કરવાનું અરજદારના પિતાએ જણાવતા સામાવાળાએ ના પાડેલ અને જણાવેલ કે તમારો સારવારનો તમામ ખર્ચ તથા જયાં સુધી નોકરી ફરી જોઈન્ટ ન કરો ત્યાંસુધી નો પગાર અને વધારાના વળતર તરીકે રકમ આપીશુ તેવો ભરોસો અપાવેલ. પરંતુ સામાવાળા નં.૧નાએ આજદીન સુધી રકમ ચુકવી આપેલ નથી. અરજદારને અકસ્માત થયો ત્યારથી આશરે રૂ.બે લાખ જેટલો ખર્ચ થયેલ છે. તેમજ દવાઓ, ખોરાક, તેમજ ટ્રાન્સપોર્ટેશન પાછળ ખર્ચ થયેલ છે જેની સામે સામાવાળા તરફથી ફકત રૂ.૨૫,૦૦૦/- રોકડા તેમજ રૂ.૩૦,૬૨૬/- મળી કુલ રૂ.૫૫,૬૨૬/- રકમ ચુકવેલ છે. અકસ્માત સમયે અરજદારની ઉંમર ૨૦ વર્ષની હતી અને તેઓ સામાવાળા સંસ્થામાં મજુર તરીકે માસિક રૂ.૩૦૦૦/- ના પગારથી ફરજ બજાવતા હતા. અરજદાર સામાવાળા નં.૧ ની સુચના મુજબ તેઓની સંસ્થામાં કામ કરતા અકસ્માત થયેલ હોઈ કામદાર વળતર અધિનિયમ મુજબ અરજદાર સામાવાળાઓ પાસે વળતર મેળવવા માટે હકકદાર હોઈ આ વળતર અરજી દાખલ કરેલ છે. સામાવાળાઓને નોટીસ આપવા છતાં વળતરની રકમ ચુકવી આપેલ નથી. અરજદારની ઉપરોકત હકીકત ધ્યાને લઈ અરજદાર અક્સ્માતના વળતરની રકમ રૂ.૬,૦૪,૮૦૦/- સામાવાળાઓ ચુકવવા જવાબદાર છે તેવું ઠરાવી વળતરની રકમ સામાવાળા નં.૧ થી ૩ના પાસેથી વસુલ કરવાનો હુકમ કરવાની તેમજ વળતરની રકમ સામાવાળાઓએ સમયસર ચુકવી આપેલ ન હોઈ વળતરની રકમ ઉપર નિયમ મુજબ ૫૦ ટકા પેનલ્ટી તથા અકસ્માત તારીખથી વસુલ થતાં સુધી ૧૮ ટકા લેખે વ્યાજ ચુકવી આપે તેવો હુકમ કરવા દાદની માંગણી કરેલ છે.

**(૨)** આ કામે અરજદાર તરફે આંક- ૪ ના લીસ્ટથી દસ્તાવેજો રજુ કરેલ છે જેમાં અરજદારની એલ.સી. (નિ.૭/૧), અકસ્માત તારીખે લાયન્સ હોસ્પિટલમાં દાખલ થયેલ અને તે સારવાર અંગેના મેડીકલ બિલો (આંક-૨૯), તા.૨૨/૧૦/૧૧ના રોજ બ્લડ બેન્કમાંથી બ્લડ લીધેલ તેની પાવતી નંગ-૨ (આંક-૩૦), લાયન્સ હોસ્પિટલના બીલ ચુકવેલ તેની પાવતી (આંક-૩૧), લાયન્સ હોસ્પિટલમાં રૂ.૬૦૦૦/- ડીપોઝીટ જતી કરાયેલ તેની પાવતી (આંક-૩૨), રેડીયોલોજીસ્ટના રીપોર્ટની કોપી તા.૨૧/૧૦/૧૧ તથા તા.૨૪/૧૦/૧૧ (આંક-૩૩), લાયન્સ હોસ્પિટલમાં ફી જતી કરાવી તેનુ બીલ રૂ.૮૦૦૦/- (આંક-૩૪), ડો.મુકેસ જી.પટેલનું પ્રિસ્ક્રિપ્શન (આંક-૩૫), અરજદાર હાઈટેક હોસ્પિટલ ગાંધીનગર ખાતે દાખલ થયેલ તેના ડીસ્ચાર્જની કોપી (આંક-૩૬), ડો. મહેશ ખંડેલવાલનું ખોડ અંગેનું સર્ટીફીકેટ (નિ.૭/૧૦), અરજદારે સામાવાળાઓને આપેલ નોટીસ (નિ.૭/૧૧), સામાવાળાને નોટીસ બજેલ તેની એકનોલેજમેન્ટ સ્લીપ (નિ.૭/૧૨-૧૩) વિગેરે દસ્તાવેજોનો સમાવેશ થાય છે.

આ કામે અરજદાર તરફે આંક–૨૫ ના લીસ્ટથી લેખિત દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે જેમાં અરજદારનો જન્મનો દાખલો (આંક–૩૭), ડો.મહેશ ખંડેલવાલે આપેલ ખોડ અંગેનું સર્ટીફીકેટ અસલ (આંક–૫૮), અરજદારને સામાવાળાઓને આપેલ નોટીસ અને તેની પોસ્ટની પાવતી (આંક–૩૮,૩૯), સામાવાળાને નોટીસ બજી ગયેલ સામા.નં.૧ની તથા સામાવાળા નં.૨ ની એકનોલેજમેન્ટ અસલ (આંક–૪૦,૪૧) વિગેરે દસ્તાવેજોનો સમાવેશ થાય છે.

(૩) આ કામે સામાવાળાઓ તરફે કોઈ જવાબ રજુ ન થતાં અરજદારની આંક–૧૦ ની અરજી અન્વયે સામાવાળાઓનો જવાબનો હકક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ સામાવાળાઓ તરફે આંક–૧૨ ની અરજી અન્વયે સામાવાળાઓનો જવાબનો હકક રીઓપન કરવામાં આવેલ છે. ત્યારબાદ આ કામે અરજદારની અરજી વિરૂદ્ધ સામાવાળાઓ તરફે આંક–૨૦ થી લેખિત જવાબ રજુ કરવામાં આવેલ છે જેમાં મુખ્યત્વે અરજદારે વળતર અરજીમાં જણાવેલ હકીકતો ખરી ન હોઈ કબુલ મંજુર રાખેલ નથી અને અરજદાર ની વળતર અરજીનો પેરાવાઈઝ ઈન્કાર કરેલ છે. સામાવાળાઓએ તેમના જવાબમાં પ્રાથમિક મુદ્દો ઉપસ્થિત કરી જણાવે છે કે અરજદારની અરજી અપુરતી સ્ટેમ્પને કારણે ચાલવાને પાત્ર નથી તેમજ અરજદારની અરજીને સપ્રેશન ઓફ મટીરીયલ ફેકટનો બાધ નડતો હોઈ અરજી ખર્ચ સહીત રદ કરવા જણાવેલ છે. આ કામે અરજદારે તેઓની અરજીમાં જણાવેલ તમામ હકીકતોને દસ્તાવેજી પુરાવાઓથી સાબિત કરવા જણાવેલ છે. તેમજ સામાવાળાઓએ સત્ય હકીકતોમાં જણાવેલ છે કે, સામાવાળા તે ઓથોરાઈઝડ ડીલર છે અને ગુજરાતના ઘણા જીલ્લાઓમાં શાખાઓ આવેલ છે. અરજદાર મહેસાણા મુકામે આવેલ બ્રાન્ચમાં મીકેનીકના હેલ્પર તરીકેના હોદ્દા ઉપર ફરજ બજાવતા હતા. ફરીયાદી મીકેનીકના હેલ્પર તરીકે ગાડીનું રીપેરીંગનુ કામ કરવાનું હોય છે અને ફરીયાદીને તેમની ફરજના ભાગરૂપે કોઈપણ સંસ્થાના કામસર કયારેય પણ ઓફીસની છત ઉપર જઈ કોઈ કામ કરવાનું હોતુ નથી. પરંતુ ફરીયાદી તેઓના ઉપરી અધિકારીની જાણ બહાર પોતાની મરજીથી ઓફીસની છત ઉપર ગયેલ અને તેઓની બેદરકારીને કારણે નીચે પડી ગયેલ અને અકસ્માત થયેલ હોવાની હકીકત છુપાવી અરજદારે નામ.અદાલતને ગેરમાર્ગે દોરેલ છે. અરજદારે તેઓની અરજીમાં જણવ્યા મુજબ અકસ્માત થયો ત્યારથી આજદીન સુધી રૂ.બે લાખ જેટલો ખર્ચ થયેલ છે તેમજ હજુ ખર્ચ ચાલુ છે જે બાબતે સામાવાળાએ આ હકીકતનો ઈન્કાર કરેલ છે અને જણાવેલ છે કે અરજદારે રજુ કરેલ તમામ પુરાવાઓ પરથી તમામ બીલોની રકમની ગણતરી કરતા કુલ રૂ.૨૩,૨૪૭.૫૦ પૈસા જેટલો ખર્ચ થયેલ છે. વદુમાં અરજદારે રજુ કરેલ દસ્તાવેજી પુરાવામાં દસ્તાવેજ નં.પી/૯/૩/૪ જોતા તેમાં તા.૨૬/૯/૨૦૧૨ નું હાઈટેક હોસ્પિટલનું સર્ટીફીકેટ છે. આ સર્ટીફીકેટ જોતાં તેમાં પેઈનલેસ વોલ્ક, નો પેઈન અને સારીરીતે ચાલી શકે છે તેવા રીમાર્કસ લખેલા છે. આમ અરજદારને કોઈપણ પ્રકારનો દુખાવો થતો નથી અને તેઓને કોઈ ગંભીર ઈજાઓ થયેલ નથી. અરજદારે તેઓની અરજીમાં અકસ્માત થયો ત્યારથી આજદીન સુધી આશરે રૂ.બે લાખ ખર્ચ થયેલ હોવાનું જણાવેલ છે પરંતુ ખરી હકીકત એ છે કે અરજદારે રજુ કરેલ તમામ બીલોની રકમની ગણતરી કરતા તેઓએ રજુ કરેલ છેલ્લુ બીલ તા.૨૬/૧૦/૧૧ સુધીના બીલની ગણતરી કરતા કુલ રૂ.૨૩,૫૪૭.૫૦ ખર્ચ થયેલ છે. આમ અરજદારે રૂ.બે લાખ ખર્ચ થયેલ હોવાની જે હકીકત જણાવેલ છે તે તદ્દન ખોટી અને ઉપજાવી કાઢેલ છે. સામાવાળાઓએ તેઓના જવાબમાં જણાવેલ છે કે અરજદારનો સારવારનો તમામ ખર્ચ તેમજ દવા અંગેનો

ખર્ચ સંસ્થા દ્વારા ઉઠાવવામાં આવેલ છે. તેમજ અરજદારે સરકારી હોસ્પિટલના સિવીલ સર્જન પાસેથી કાયમી અશકિત બાબતેનું સર્ટીફીકેટ આ કેસમાં રજુ કરેલ નથી તેથી અરજદારના કહેવા મુજબ કાયમી અશકિત ની વિગતો સાચી ન હોઈ માની શકાય તેમન નથી. આમ અરજદારે વધુ પૈસા પડાવવા માટે આ ખોટી અને બદઈરાદાથી દાખલ કરેલ અરજી ખર્ચ સહીત રદ કરવા જણાવેલ છે.

(૪) આ કામે સામાવાળાઓ તરફે આંક–૧૩ થી સામાવાળાએ સંસ્થામાં કામ કરતા કર્મચારીઓના અકસ્માત અંગેનો વિમો સામાવાળા નં.૪ પાસેથી લીધેલ છે જેનો પોલીસી નં.ઓજી–૧૨–૨૨૦૨–૨૮૦૧–૦૦૦૦૨૨૯ અને સમયગાળો તા.૭/૭/૨૦૧૧ થી તા.૬/૭/૨૦૧૨ સુધીનો હતો અને અરજદારને તા.૨૧/૧૦/૨૦૧૧ના રોજ અકસ્માત થયેલ છે તેથી અરજદારને થયેલ અકસ્માત વળતર ચુકવવાની જવાબદારી સામાવાળા નં.૪ વિમા કંપનીની છે તેવો જવાબમાં જરૂરી સુધારા અંગેની અરજી આપેલ જે લગત હુકમ કરી જવાબમાં સુધારો કરવાની પરવાનગી આપવામાં આવેલ છે. ત્યારબાદ આંક–૧૪ થી સામાવાળા નં.૧ થી ૩ દ્વારા વિમા કંપનીને પક્ષકાર તરીકે જોડવા અરજ આપેલ છે તે અરજી લગત વિમા કંપનીને કારણદર્શક નોટીસ કરવાનો હુકમ કરેલ છે. ત્યારબાદ મારી અગાઉના વિ.કમીશ્નરશ્રીએ હુકમ કરી વિમા કંપનીને પક્ષકાર તરીકે જોડવાનો હુકમ કરતા વિમા કંપનીને કારણદર્શક નોટીસ કાઢવામાં આવેલ જે તેઓને બજી જતા વિમા કંપની તરફે વિ.વકીલશ્રી એસ.જી.શાહ હાજર થયેલ છે. વિમા કંપનીને જવાબ રજુ કરવા અનેક તકો આપવા છતા કોઈ જવાબ રજુ ન થતાં અરજદારની આંક–૨૨ ની અરજી અન્વયે વિમા કંપનીનો જવાબનો હકક બંધ કરવામાં આવેલ છે. અરજદાર તરફે આંક–૨૦ થી સુધારા અરજી રજુ કરેલ છે જે ગ્રાહ્ય રાખવામાં આવેલ છે.

(૫) આ કામમાં આંક–૨૬ થી અરજદાર તરફે જુબાનીનું સોગંદનામું રજુ થયેલ છે જેની ઉલટતપાસ સામાવાળા નં.૧ થી ૪ ના વિ.વકીલશ્રીઓ દ્વારા કરવામાં આવેલ છે.

આ કામમાં આંક–૨૩ થી મારી અગાઉના કમીશ્નરશ્રીએ મુદ્દા ઉપસ્થિત કરેલ છે.

(૬) આ કામે સામાવાળા નં.૪ વિમા કંપનીએ આંક–૫૦ થી જવાબનો હકક રીઓપન કરવા અરજી આપતા સદર અરજી લગત હુકમ કરી જવાબનો હકક રીઓપન કરવામાં આવતા આંક–૫૧ થી લેખિત જવાબ રજુ કરવામાં આવેલ છે. સામાવાળા નં.૪ નાએ તેઓના લેખિત જવાબમાં અરજદારની અરજીનો પેરાવાઈઝ ઈન્કાર કરેલ છે. તેમજ અરજદારે તેઓની અરજીમાં જે હકીકતો જણાવેલ છે તે તમામ હકીકતોને પુરાવાથી સાબિત કરવા જણાવેલ છે. સામાવાળા નં.૪નાએ વધુમાં જણાવેલ છે કે અરજદારે જે પગારની વિગતો તેમજ ખોડ અંગેની હકીકત જણાવેલ છે તે તમામ હકીકત ખોટી છે. તેમજ અરજદારે જે સારવાર અંગેની જે હકીકત જણાવેલ છે તે ખોટી જણાવેલ છે. આમ અરજદાર સામાવાળા નં.૪ પાસેથી અકસ્માત વળતરની રકમ તથા વ્યાજ તથા પેનલ્ટી મેળવવા હકકદાર થતા નથી તેમ જણાવી અરજદારની અરજી રદ કરવા જણાવેલ છે.

(૭) આ કામમાં આંક–૫૭ થી ડો.મહેશ ખંડેલવાલનું સરતપાસનું સોગંદનામું રજુ થયેલ છે જેઓની ઉલટતપાસ સામાવાળા નં.૧ થી ૪ ના વિ.વકીલશ્રીઓ દ્વારા કરવામાં આવેલ છે. ત્યારબાદ અરજદાર તરફે આંક–૬૦ થી કલોઝીંગ પુરસીસ રજુ કરવામાં આવેલ છે.

(૮) આ કામે સામાવાળાઓ તરફે આંક–૬૨ ના લીસ્ટથી લેખિત દસ્તાવેજ રજુ કરેલ છે જેમાં

અરજદારને સામાવાળા નં.૧ થી ૩ તરફે ચુકવેલ પગારની વિગત (આંક–૬૪) રજુ કરવામાં આવેલ છે. સામાવાળા નં.૧ થી ૩ તરફે આંક–૬૫ થી તથા સામાવાળા નં.૪ તરફે આંક–૬૬ થી કલોઝીંગ પુરસીસ રજુ કરવામાં આવેલ છે.

**(૯)** આ કામે અરજદાર તરફે વિ.વકીલશ્રી એચ.આર.ભાવસાર દ્વારા મૌખિકમાં દલીલો કરવામાં આવેલ છે જેમાં મુખ્યત્વે અરજદારે વળતર અરજીમાં જણાવેલ હકીકતો પર, રજુ કરવામાં આવેલ લેખિત દસ્તાવેજી પુરાવા પર તેમજ અરજદારના જુબાનીના સોગંદનામામાં જણાવેલ હકીકતો પર ભાર મુકેલ છે.

**(૧૦)** આ કામે સામાવાળા નં.૧ થી ૩ તરફે વિ.વકીલશ્રી વી.એમ.ગૌસ્વામી દ્વારા મૌખિકમાં દલીલો કરવામાં આવેલ છે જેમાં મુખ્યત્વે સામાવાળા નં.૧ થી ૩નાએ લેખિત જવાબમાં જણાવેલ હકીકતો પર તથા રજુ કરેલ દસ્તાવેજી પુરાવા પર ભાર મુકેલ છે.

સામાવાળા નં.૪ વિમા કંપની તરફે વિ.વકીલશ્રી એસ.જી.શાહે આંક–૬૮ થી લેખિત દલીલો રજુ કરેલ છે જેમાં મુખ્યત્વે સામાવાળા નં.૪નાએ લેખિત જવાબમાં જણાવેલ હકીકતો પર ભાર મુકેલ છે.

**(૧૧)** તમામ પક્ષકારોની દલીલો ધ્યાને લીધી. આ કામમાં મારી અગાઉના કમિશ્નરશ્રીએ આંક–૨૩ થી નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત કરેલ છે જે નીચે મુજબ છે.

## // <u>મુદ્દાઓ</u> //

(૧) શું અરજદાર પુરવાર કરે છે કે તેમની અને સામાવાળા નં.૧ થી ૩ વચ્ચે શ્રમયોગી અને માલીકનો સંબંધ હતો?

(૨) શું અરજદાર પુરવાર કરે છે કે તેઓને સામાવાળા નં.૧ થી ૩ ની નોકરી દરમ્યાન અને ફરજના ભાગરૂપે અકસ્માત થતાં ઈજા થયેલ છે?

(૩) શું અરજદારને અકસ્માતના કારણે કોઈ કાયમી ખોડ રહેલ છે? જો હા, તો કેટલા ટકા કાયમી ખોડ રહેલ છે?

(૪) અકસ્માત સમયે અરજદારની ઉંમર શું હતી તથા માસીક પગાર કેટલો હતો?

(૫) શું અરજદાર સામાવાળાઓ પાસેથી વળતરની રકમ મેળવવા હકકદાર થાય છે? જો હા, તો કેટલી?

(૬) આ કામે વિમા કંપનીની જવાબદારી શું થાય છે?

(૭) શું અરજદાર ઉપરોકત વળતરની રકમ ઉપરાંત કોઈ પેનલ્ટી, વ્યાજ, ખર્ચ મેળવવા હકકદાર થાય છે? જો હા, તો કેટલું?

(૮) શો હુકમ ?

ઉપરોકત મુદ્દા અંગે ટુંકમાં જવાબ નીચે મુજબ છે.

**જવાબઃ–**

(૧) **મુદ્દા નં.૧** – હકારમાં.

(૨) **મુદ્દા નં.૨** – હકારમાં.

(૩) **મુદ્દા નં.૩** – હકારમાં, ૫૪.૪ ટકા કાયમી ખોડ રહેલ છે.

(૪) **મુદ્દા નં.૪** – અકસ્માત સમયે અરજદારની ઉંમર ૧૯ વર્ષ, માસિક પગાર રૂ.૩૦૦૦/–

(૫) **મુદ્દા નં.૫** – હકારમાં. વળતરની રકમ રૂ.૨,૨૦,૫૩૫/–.

(૬) **મુદ્દા નં.૬** – હકારમાં.

(૭) **મુદ્દા નં.૭** – હકારમાં.

(૮) **મુદ્દા નં.૮** – છેવટના હુકમ મુજબ.

ઉપરોકત જવાબો અંગે મારા કારણો નીચે મુજબ છે.

**// કારણો //**

**(૧૨) મુદ્દા નં.૧ અને ૨** –

અરજદારે તેમની વળતર અરજીમાં એવું જણાવેલ છે કે અરજદાર સામાવાળા નં.૧ ને ત્યાં મીકેનીકલ પોસ્ટમાં લેબર તરીકે તા.૦૧/૦૪/૨૦૧૧ થી કામ કરતા હતા. અરજદાર તા.૨૧/૧૦/૧૧ ના રોજ બપોરના સમયે સામાવાળા નં.૧ ના કહેવાથી ઓફીસની છત ઉપર સીરીજ બાંધવા ગયેલ અને તેઓની સાથે અન્ય બે વર્કરો પણ ચઢેલ તે સમયે ઓફીસની છત ઉપરથી સેડ તુટી જતા અરજદાર નીચે પડી ગયેલ અને અરજદારને લાયન્સ હોસ્પિટલમાં અંદરના દર્દી તરીકે દાખલ કરેલ હતા. અરજદારને બીજુ ઓપરેશન કરવા માટે તા.૨૮/૧૧/૨૦૧૧ થી તા.૦૩/૧૨/૨૦૧૧ સુધી અંદરના દર્દી તરીકે દાખલ થયેલ હતા. જયારે સામાવાળા નં.૧ નાએ આ કામમાં આંક–૨૦ થી લેખિત જવાબ રજુ કરી જણાવેલ છે કે અરજદાર સામાવાળા નં.૧ સંસ્થામાં કામ કરતા હોવાની હકીકત કબુલ રાખેલ છે. પરંતુ જે અકસ્માત થયેલ છે તે અકસ્માત અરજદારની બેદરકારીના કારણે બનેલ છે. તેમજ સામાવાળા નં.૧ થી ૪ નાઓ અરજદારની સારવારનો તમામ ખર્ચ ચુકવી આપેલ છે. હવે સામાવાળા નં.૪ વિમાં કંપનીએ આંક–૫૧ થી લેખિત જવાબ રજુ કરેલ છે. સામાવાળા નં.૪ નાએ અરજદારની અરજીની હકીકતોને પુરાવાથી સાબિત કરવા જણાવેલ છે. અરજદારે વળતર અરજીમાં જણાવેલ હકીકતોના સમર્થનમાં આ કામમાં રજુ કરેલ લેખિત દસ્તાવેજી પુરાવાને જોતાં તેમજ અરજદારે રજુ કરેલ જુબાનીના સોગંદનામામાં જણાવેલ હકીકતોને ધ્યાને લેતાં એ નિર્વિવાદ હકીકત છે કે અરજદાર સામાવાળા નં.૧ ને ત્યાં હેલ્પર તરીકેની ફરજ બજાવતા હતા અને સામાવાળા નં.૧ ની સુચના મુજબ અરજદારને ચાલુ ફરજ દરમ્યાન ફરજના ભાગરૂપે અકસ્માત બનેલ હોઈ સદર કામદાર વળતર અધિનિયમની જોગવાઈઓ મુજબ માલીકને વળતર ચુકવવાની જવાબદારી થાય છે. આમ અરજદારનું સામાવાળા નં.૧ ને ત્યાં  હેલ્પર તરીકેની ફરજ દરમ્યાન અકસ્માત થયેલ હોવાની અને અકસ્માતમાં ઈજા થયેલ હોવાની અરજદારની હકીકતને દસ્તાવેજી પુરાવાથી સમર્થન મળે છે. આમ અરજદાર અને સામાવાળા નં.૧ વચ્ચે શ્રમયોગી અને માલિકનો સંબંધ હોવાનું તેમજ અરજદાર સામાવાળા નં.૧ ને ત્યાં હેલ્પર તરીકે નોકરીની ફરજો બજાવતા હતા અને તેઓને ચાલુ ફરજ બજાવતાં દરમ્યાન અકસ્માતે ઈજા થયેલ હોવાની હકીકત પુરવાર થાય છે તેથી મુદ્દા નં.૧ તથા ૨ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

**(૧૩) મુદ્દા નં.૩** –

ઉપર જણાવ્યું તે મુજબ અરજદારને સામાવાળા નં.૧ ની નોકરી દરમ્યાન અને ફરજના ભાગરૂપે અકસ્માત થયેલ છે તેમ ઠરાવેલું છે. હવે નિર્ણય એ કરવાનો છે કે અરજદારને આ અકસ્માતના કારણે કોઈ કાયમી ખોડ રહેલ છે કે કેમ?

આ કામે અરજદારે તેમની અરજીમાં તેઓને તા.૨૧/૧૦/૨૦૧૧ થી તા.૩૦/૧૦/૨૦૧૧ સુધી લાયન્સ હોસ્પિટલમાં અંદરના દર્દી તરીકે દાખલ કરી ઓપરેશન કરેલ. ત્યારબાદ ફરીથી તા.૨૮/૧૧/૧૧ થી તા.૩/૧૨/૧૧ સુધી દાખલ કરી ઓપરેશન કરવામાં આવેલ હોવાનું જણાવેલ છે. પરંતુ અરજદારને અકસ્માતથી શરીરના કયા ભાગમાં ઈજા થયેલ તેવી કોઈ હકીકત તેઓની અરજીમાં કે તેઓના પુરાવા સોગંદનામામાં જણાવેલ નથી. આ કામના સામાવાળા નં.૧ થી ૩ નાઓએ અરજદારને કોઈપણ પ્રકારની ખોડ રહેલ હોવાની હકીકતનો ઈન્કાર કરેલો છે. વીમા કંપનીએ પણ અરજદારને કોઈપણ પ્રકારની ખોડ રહેલ હોવાનો ઈન્કાર કરેલો છે. અરજદારે તેમની વળતર અરજીમાં એવું જણાવેલ છે કે અરજદારને સામાવાળા નં.૧ તેમની સુચનાથી ઓફીસની છત પર સીરીજ બાંધવા જણાવેલ અને ચાલુ ફરજ દરમ્યાન ફરજના ભાગરૂપે થયેલ અકસ્માતમાં થયેલ ઈજાઓના કારણે જીવન જરૂરીયાત ક્રિયાઓ કરી શકતા નથી અને અકસ્માતને કારણે થયેલ ઈજાઓને કારણે અરજદારને કાયમી ખોડ રહી જવા પામેલ છે. અરજદારની વળતર અરજી અન્વયે અરજદાર તરફે આ કામમાં આંક-૨૯ થી લાયન્સ હોસ્પિટલમાં દાખલ થયેલ તથા લીધેલ સારવારના બિલો, આંક-૩૩ થી રેડીયોલોજીસ્ટનો રીપોર્ટ, આંક-૩૬ થી હાઈટેક હોસ્પિટલ ગાંધીનગરનું ડીસ્ચાર્જ કાર્ડ તેમજ નિ.૭/૧૦ તથા આંક-૫૮ થી અરજદારને અકસ્માતને કારણે થયેલ ઈજાઓને કારણે રહી જવા પામેલ ખોડનું પ્રમાણપત્ર દસ્તાવેજી પુરાવાથી રજુ કરેલ છે. અરજદારે વળતર અરજીમાં જણાવેલ આ હકીકતના સમર્થનમાં આંક-૨૬ થી જુબાનીનું સોગંદનામું રજુ કરેલ છે. આ જુબાનીના સોગંદનામામાં વળતર અરજીમાં જણાવેલ હકીકતોને સમર્થન આપેલ છે. તેમજ અરજદારને અકસ્માતમાં થયેલ ઈજાના કારણે લીધેલ સારવાર અંગેના દસ્તાવેજી પુરાવાને ઓળખી બતાવેલ છે. અરજદારની ઉલટ તપાસ સામાવાળા નં.૧ અને ૩ ના વિ.વકીલશ્રી દ્વારા કરવામાં આવેલ છે. આ ઉલટતપાસથી અરજદારે એવું જણાવેલ છે કે એ વાત ખરી નથી કે દિવાળીની ઓફિસની લાઈટીંગ લગાવવાનું કામ અન્ય કોન્ટ્રાકટરને સોંપેલ, સાહેદ જણાવે છે કે સુપરવાઈઝરે અમને તે કામગીરી સોંપેલ અને અમે ત્રણ લોકોએ આ લાઈટીંગની કામગીરી કરેલ. એ વાત ખરી છે કે હું સંસ્થામાં મિકેનીકલનું કામ કરતો હતો. સાહેદ જણાવે છે કે સુપરવાઈઝરે અમને દીવાળીના સમયે સીરીઝ લગાવવાની કામગીરી સોંપેલ. તે કામ અમારૂ હતુ નહી પણ અમને સોંપેલ જેથી અમોએ કરેલ. એ વાત ખરી નથી કે હુ લાઈટો લગાવવા અગાસી ઉપર સ્વેચ્છાએ ચઢેલ. સાહેદ જણાવે છે કે સુપરવાઈઝરના કહેવાથી ચઢેલા. એ વાત ખરી નથી કે મને હાલમાં કોઈ શારીરીક અશકિત નથી. મને મારા જબડા પાસે પ્લેટ રખાવેલ હોઈ ત્યાં દુખે છે અને પગમાં વધારે ઉભો રહું તો દુખે છે. એ વાત ખરી છે કે હુ મારા રોજબરોજના કામ સ્વયં કરી શકુ છુ. એ વાત ખરી છે કે હુ પહેલા જેવુ કામ કરી શકતો નથી." સામાવાળા નં.૪ નાએ અરજદારની કરેલ ઉલટતપાસમાં અરજદારે જણાવેલ છે કે " એ વાત ખરી નથી કે અકસ્માત મારી બેદરકારીને કારણે થયેલ. એ વાત ખરી નથી કે હાલમાં હુ જે કામકાજ કરૂ છુ તે પહેલા જેવુ જ કરૂ છુ."

આમ આ ઉલટતપાસથી કોઈ વીપરીત હકીકત સામાવાળા નં.૧ અને ૪ નાઓએ અરજદાર પાસેથી પુરવાર કરાવી શકેલ નથી.

આ કામે અરજદારે આંક-૫૭ થી ડો.મહેશ ખંડેલવાલને સાક્ષી તરીકે તપાસેલા છે. આ સાક્ષીએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે હું છેલ્લા ૩૦ વર્ષથી ઓર્થોપેડીક સર્જન તરીકે પ્રાઈવેટ પ્રેકટીસ કરૂ છુ.

મે. તા.૬/૯/૧૩ ના રોજ દર્દી નામે અશ્વિનભાઈ હેતલકુમાર ચાવડાને ડીસેબીલીટીનું સર્ટીફીકેટ આપવા માટે મારા કલીનીક ઉપર તપાસેલ. દર્દીની હીસ્ટ્રી સાંભળતા તેમજ કેસ પેપર્સ જોતા માલુમ પડેલ કે દર્દીને ૨૧/૧/૨૦૧૧ના રોજ કાર્ગો મોટર્સ મહેસાણા મુકામે કામ કરતા જમણા થાપા ઉપર, ડાબા ખભા ઉપર તેમજ મોઢાના ભાગે ઈજાઓ થયેલ. આ ઈજામાં તેમના જમણા થાપાના ફીમર હાડકાનું ફ્રેકચર તેમજ ડાબા હાથના ખભાના ભાગે હ્યુમરસ હાડકાનું ફ્રેકચર થયેલ હતુ. મે જ્યારે દર્દીને તપાસેલ ત્યારે દર્દીને જમણા પગે દુખાવો, ચાલવામાં તકલીફ, તેમજ જમણા ઢીંચણની હલન ચલનની પ્રક્રીયામાં મુશ્કેલીની તકલીફ જણાવેલ. જમણા પગની શારીરીક તપાસ કરતા પગે સોજો હતો, દબાવતા દુખાવો થતો હતો, તેમજ જમણો પગ ડાબા પગ કરતા ૧.૫ ઈંચ ટુંકો હતો, જમણા પગના થાપાના એકસ–રે પડાવતા માલુમ પડેલ ફીમર હાડકુ વાંકુ ચુંકુ સંધાયેલ હોવાનું જણાય છે તેમજ સળીયો દેખાઈ આવે છે. તેમજ ડાબા હાથનો એકસ–રે પડાવતા માલુમ પડેલ કે હ્યુમરસ હાડતુ વાંકુચુકુ સંધાયેલ હોવાનું જણાય છે. આ રીતે મે દર્દીને તપાસીને તેઓના જમણા પગની કાયમી ખોડ ૪૦ટકા તેમજ ડાબા હાથની કાયમી ખોડ ૨૪ટકા અને બંને ખોડોના કેશલરની ખોડ ભેગી કરતા આખા શરીરની કાયમી ખોડ ૫૪.૪ ટકા હોવાનું સર્ટીફીકેટ બનાવીને આપેલ જે આ કામે નિ.૨૫/૨ થી રજુ કરવામાં આવેલ છે.

આ ડોકટરની ઉલટતપાસ સામાવાળા નં.૧ થી ૩ના વિ.વકીલશ્રી દ્વારા કરવામાં આવેલ છે. ડો.મહેશ ખંડેલવાલ તેઓની ઉલટતપાસમાં જણાવેલ છે કે "એ વાત ખરી છે કે મારે ત્યાં કોઈ પેશન્ટ આવે તો તેના જરૂરી રેકર્ડ મારે ત્યાં રાખવામાં આવતો હોય છે. એ વાત ખરી છે કે લાયન્સ હોસ્પિટલના (આંક–૩૬) માં પણ ફીમરના ઓપરેશનની હકીકત લખેલ છે. એ વાત ખરી નથી કે આવા ફીમરના ઓપરેશનમાં દર્દી ૪ અઠવાડીયામાં સારા થઈ જાય છે. એ વાત ખરી છે કે દર્દી પોતાની દૈનિક ક્રિયાઓ સારીરીતે જાતે કરી શકવા સક્ષમ છે. એ વાત ખરી છે કે આજીવિકા માટે સરળતાવાળુ કામ કરી શકવા સક્ષમ છે. સાહેદ જણાવે છે કે બેસવાવાળુ કે ખુરશી ઉપર બેસીને કામ કરવાવાળુ કામ સારી રીતે કરી શકે છે. એ વાત ખરી છે કે દરેક ડોકટરના મંતવ્ય પ્રમાણે ડીઝેબીલીટીમાં વેરીએશન આવે છે. એ વાત ખરી છે કે ગણતરીમાં આખા શરીરની ડીઝેબીલીટી ૧/૨ થઈ જાય છે અને તેમાં પણ વેરીએશન આવે છે."

હવે સામાવાળા નં.૪ વિમા કંપની તરફે વી.વકીલશ્રી ડી.બી.ઠાકોરે આ સાહેદની ઉલટતપાસ લીધેલ છે. આ ઉલટતપાસમાં જણાવે છે કે "એ વાત ખરી છે કે મે કયા પેપર્સની ચકાસણી કરેલ તેની નોંધ મારા આંક–૫૮ ના સર્ટીફીકેટમાં જણાવેલ. એ વાત ખરી નથી કે દર્દીને ડીસેબીલીટી વધુ કરતા આપેલ છે. મે આ સર્ટીફીકેટ ફકત કોર્ટને ઉપયોગી થાય તે માટે ઈસ્યુ કરેલ છે."

સામાવાળાઓની દલીલ એવી છે કે આ ખોડ અંગેનું સર્ટીફીકેટ આપનાર ડોકટરે એ પ્રાઈવેટ ડોકટર છે. સરકારી હોસ્પિટલના ડોકટર નથી અને પ્રાઈવેટ ડોકટરનું સર્ટીફીકેટ હોવાથી તે પબ્લીક ડોકયુમેન્ટ ગણી શકાય નહી. આ કામે સામાવાળા નં.૧ થી ૩ નાઓએ પણ તેમના જવાબમાં ખોડ અંગેનું સર્ટીફીકેટ આપનાર ડોકટર તે સરકારી ડોકટર ન હોઈ તેઓએ ૫૪ ટકાની જે ખોડ આકારેલ છે તે માની શકાય નહી તેમ જણાવેલ છે. પરંતુ અરજદારે રજુ કરેલ દાકતરી સારવારના કાગળો તથા ડોકટરે આપેલ ખોડના પ્રમાણપત્રથી વિરૂદ્ધના કોઈ દસ્તાવેજી પુરાવાઓ સામાવાળા નં.૧ થી ૪ નાઓએ આ કામમાં રજુ કરેલ નથી અને અરજદારે વળતર અરજીમાં જે હકીકતો જણાવેલ છે તે હકીકતો ખોટી હોવાનું પુરવાર કરેલ નથી.

એટલુ જ નહી ખોટ અંગેનુ સર્ટીફીકેટ આપનાર ડોકટર ખંડેલવાલને તપાસવામાં આવેલ છે. સામાવાળાઓએ તેઓની ઉલટતપાસમાં ડો.મહેશ ખંડેલવાલે ખોડ અંગેનું આપેલ ૫૪.૪ટકાનું સર્ટીફિકેટને ખંડન કરતો એકપણ પુરાવો સામાવાળાઓ દ્ધારા રજુ કરેલ નથી અને આ હકીકત ખોટી હોવાનું પુરવાર કરવામાં સામાવાળાઓ નિષ્ફળ ગયેલ છે. આ તમામ બાબતોને ધ્યાને લેતાં તેમજ અરજદાર તરફે દાકતરી સારવારના કાગળો, સર્ટીફીકેટ અને ખોડના પ્રમાણપત્રના દસ્તાવેજને જોતાં તેમજ ડોકટરની સરતપાસ તથા સામાવાળાઓ દ્ધારા કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેતાં અકસ્માતના કારણે અરજદારને **૫૪.૪ ટકા** કાયમી ખોડ રહેલ હોવાનું પુરવાર થાય છે અને તેથી મુદ્દા નં.૩ નો મારો જવાબ હું હકારમાં આપું છુ.

**(૧૪) મુદ્દા નં.૪ –**

સદર મુદ્દા પરત્વે જોઈએ તો અરજદારે તેમની અરજીમાં જણાવેલ છે કે સામાવાળા નં.૧ અરજદારને માસિક રૂ.૩૦૦૦/– પગાર આપતા હતા અને અકસ્માત સમયે અરજદારની ઉમર ૨૦ વર્ષની હતી. સામાવાળા નં.૧ નાએ અરજદારની અરજીનો પેરાવાઈઝ ઈન્કાર કરેલ છે અને જણાવેલ છે કે સામાવાળા નં.૧નાએ સામાવાળા નં.૪ પાસેથી વિમો લીધેલ હોઈ સદર વળતર ચુકવવાની જવાબદારી સામાવાળા નં.૪ ની છે તેમ જણાવેલ છે. જયારે સામાવાળા નં.૪ વિમા કંપનીએ તેમના લેખિત જવાબમાં અરજદારની અરજીમાં જણાવેલ હકીકતોનો પેરાવાઈઝ ઈન્કાર કરેલ છે. તેમજ અરજદારે અરજીમાં જણાવેલ હકીકતોને સબળ પુરાવાથી સાબિત કરવા જણાવેલ છે.

અરજદારે તેમની અરજીના સમર્થનમાં આંક–૨૭ થી પુરાવા સોગંદનામુ રજુ કરેલ છે તેમાં અરજીની હકીકતને અનુમોદન આપેલ છે. આ કામમાં અરજદાર તરફથી પગાર બાબતમાં કોઈ પુરાવા રજુ થયેલ નથી. પરંતુ અરજદાર સામાવાળા નં.૧ ને ત્યાં હેલ્પર તરીકે કામ કરતા હતા અને તેઓની સુચના મુજબ સામાવાળા નં.૧ સંસ્થામાં ચાલુ ફરજ દરમ્યાન અકસ્માત બનાવ બનવા પામેલ છે તેવું ઉપર જણાવેલ મુદ્દામાં પુરવાર થયેલ છે. આમ સામાવાળા નં.૧ તે અરજદારને કામે રાખનાર માલીક છે અને સામાવાળા નં.૨ નાએ અરજદારની અરજી વિરૂદ્ધ કોઈ જવાબ રજુ કરેલ નથી કે અરજીની હકીકતો ખોટી હોવા બાબતે લેખિત દસ્તાવેજી પુરાવા રજુ કરીને પુરવાર કરેલ નથી. આથી અરજદાર જણાવે છે તેમ સામાવાળા નં.૧ અરજદારને માસિક રૂ.૩૦૦૦/– પગાર આપતા હોવાની અરજદારની હકીકત માનવાને કારણ રહે છે.

ઉંમર બાબતે જોઈએ તો અરજદારે આ કામમાં નિ.૭/૧ તથા આંક–૩૭ થી અરજદારનું સ્કુલ લીવીંગ સર્ટીફિકેટની ઝેરોક્ષ નકલ રજુ કરવામાં આવેલ છે જેમાં અરજદારની જન્મ તા.૨૫/૦૬/૧૯૯૨ હોવાનું સ્પષ્ટ જણાવેલ છે. આ જન્મનું પ્રમાણપત્ર સ્કુલના આચાર્ય દ્ધારા ઈસ્યુ કરવામાં આવેલ છે અને તેમાં આચાર્યની સહી તથા સિકકો જણાઈ આવે છે. આમ સક્ષમ ઓથોરીટી દ્ધારા જન્મ તારીખ, એડ્રેસ વિગેરે દસ્તાવેજોની ચકાસણી કર્યા બાદ આવું જન્મનું પ્રમાણપત્ર ઈસ્યુ કરવામાં આવતું હોય છે. આથી આ સ્કુલ લીવીંગ સર્ટીફિકેટના આધારે અરજદારની જન્મ તા.૨૫/૦૬/૧૯૯૨ તેમજ અકસ્માત બનાવ તા.૨૧/૧૦/૨૦૧૧ ધ્યાનમાં લેતાં, ગુજરનારની ઉંમર અકસ્માત વખતે **૧૯ વર્ષ** અને ૩ મહીનાની હોવાનું સાબિત થાય છે. આથી મુદ્દા નં.૪ નો જવાબ તે રીતે આપવામાં આવે છે.

**(૧૫) મુદ્દા નં.૫ થી ૮ –**

સદર મુદ્દાઓ પરત્વે જોઈએ તો અરજદાર સામાવાળા નં.૧ ને ત્યાં હેલ્પર તરીકે નોકરીની ફરજો

બજાવતાં હતાં અને સામાવાળા નં.૧ સંસ્થામાં તેઓની સુચનાથી ઓફીસની છત ઉપર રીસીજ બાંધવા જતા ચાલુ દરમ્યાન અકસ્માતે ઈજા થયેલ અને કાયમી આંશિક ખોડ આવેલ છે. અકસ્માત સમયે અરજદારનો માસીક પગાર રૂ.૩૦૦૦/– તથા ઉંમર ૧૯ વર્ષની હતી તેવી હકીકત ઉપર મુદ્દા નં.૧ થી ૪ માં પુરવાર થયેલ છે. હેલ્પર તરીકે ફરજ બજાવનાર વ્યકિતનો સમાવેશ આ કાયદાની કલમ ૨(એન) મુજબ "વર્કમેન" માં થઈ જાય છે. આથી અરજદાર આ કાયદા હેઠળ અકસ્માત વળતરની રકમ મેળવવા હકકદાર થાય છે.

હવે સામાવાળાઓ કેટલુ વળતર ચુકવવા જવાબદાર થાય છે તે અંગે જોઈએ તો અરજદારનો માલીક પગાર રૂ.૩૦૦૦/– હતો તેના ૬૦ ટકા ગણતાં રૂ. ૧૮૦૦/– આવે છે. તેજ રીતે અકસ્માત સમયે અરજદારની ઉ.વ.૧૯ હતી. આ ઉમરનું રીલેવન્ટ ફેકટર જોતાં **૨૨૫.૨૨** આવે છે. ૧૮૦૦ x ૨૨૫.૨૨ = ૧,૬૮,૨૧૦/– આવે છે. હાલના અરજદારને ૧૯ ટકા ખોડ રહેલી છે તે રૂ. ૪,૦૫,૩૯૬/– ના ૫૪.૪ ટકા કરતાં રૂ.૨,૨૦,૫૩૫/– આવે છે. આથી હાલના અરજદાર વળતરના **રૂ.૨,૨૦,૫૩૫/–** અંકે રૂપિયા બે લાખ વીસ હજાર પાંચસો પાંત્રીસ પુરા મેળવવા હકકદાર થાય છે.

વ્યાજ તથા પેનલ્ટી બાબતે કલમ–૪(એ)(૩) માં જોગવાઈ કરવામાં આવેલ છે જે નીચે મુજબ છે.

"Section–4(A)(3) Where any employer is in default in paying the compensation due under this Act within one month from the date it fell due, the commissioner shall–

(a) Direct that the employer shall, in addition to the amount of the arrears, pay simple interest thereon at the rate of twelve percent, per annum or at such higher rate not exceeding the maximum of the lending rates of any bank as may be specified by the Central Government, by notification in the Official Gazette, on the amount due; and

(b) If, in his opinion, there is no justification for the delay, direct that the employer shall, in addition to the amount of the arrears and interest thereon, pay a further sum not exceeding fifty percent of such amount by way of penalty."

સદર જોગવાઈ મુજબ અકસ્માત વળતરની રકમ અકસ્માત થયાની તારીખથી એક માસની અંદર કામે રાખનાર માલીકે ચુકવી આપવી જોઈએ અથવા વળતરની રકમ ચુકવવાના હેતુસર અદાલતમાં જમા કરાવવી જોઈએ. આ કેસ દાખલ થયા પછી સુનાવણીની નોટીસ સામાવાળાઓને બજી ગયેલ હોવા છતાં અરજદારને સામાવાળાએ અકસ્માત વળતરની રકમ આજદીન સુધી ચુકવી આપેલ નથી કે ચુકવવાના હેતુસર અત્રેની અદાલતમાં જમા કરાવવામાં આવેલ નથી. આ રકમ સમયસર જમા નહી કરાવવા અંગે સામાવાળા તરફથી સંતોષકારક વ્યાજબી કારણ દર્શાવવામાં આવેલ નથી. આથી સદર જોગવાઈ ધ્યાનમાં લેતાં, અરજદાર અકસ્માત વળતરની રકમ ઉપર ૫૦ ટકા પેનલ્ટી તથા અકસ્માત તારીખથી વાર્ષિક ૧૨ ટકા સાદુ વ્યાજ પણ મેળવવા હકકદાર થાય છે.

અરજદાર તરફથી આ કામમાં આંક–૧૫ ના લીસ્ટથી નિ.૧૫/૧ થી વિમા પોલીસીની નકલ રજુ

કરવામાં આવેલ છે જે ધ્યાનમાં લેતાં સ્પષ્ટ થાય છે કે વિમા પોલીસી સામાવાળા નં.૧ થી ૩નાએ સામાવાળા નં.૪ પાસેથી વિમો લીધેલ હતો. આ વિમા પોલીસીની અવધિ તા.૦૭/૦૭/૧૧ થી તા.૦૬/૦૭/૧૨ સુધીની હોવાનું સ્પષ્ટ થાય છે અને અકસ્માત બનાવ તા.૨૧/૧૦/૧૧ ના રોજ બનવા પામેલ છે. વિમા પોલીસીની વિગતો ધ્યાનમાં લેતાં અકસ્માત તારીખે આ કામના સામાવાળા નં.૪ વિમા કંપનીના વિમા કવચ હેઠળ સુરક્ષિત હતું. જયારે હાલના કેસમાં અકસ્માતમાં ઈજા પામનાર અરજદારનો વિમો સામાવાળા નં.૧ થી ૩નાએ સામાવાળા નં.૪ વિમા કંપનીમાં ઉતરાવેલ છે અને તે મુજબની વિમા પોલીસી સામાવાળા નં.૪ વિમા કંપની દ્વારા ઈસ્યુ કરવામાં આવી છે.

સદર બાબતે મારા ધ્યાન ઉપર આવેલ ૧૯૯૮–એ.સી.જે.–પાના નં.૧ ઉપર પ્રસિદ્ધ થયેલ વેદપ્રકાશ ગર્ગ વિરૂદ્ધ પ્રેમીદેવી અને બીજાઓના કેસમાં નામ.સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે, "મોટર વાહનની વિમા પોલીસી લેવામાં આવી હોય તેવા સંજોગોમાં અકસ્માત વળતર ચુકવવાની વિમા કંપનીની જવાબદારી થાય છે. પરંતુ રેકર્ડ જોતાં હાલનો કેસ મારી અગાઉના વિ.ન્યાયાધીશશ્રી પાસે ચાલી ગયેલ અને તેમાં અગાઉના ન્યાયાધીશશ્રીએ તા.૦૯/૧૦/૨૦૨૩ના રોજ અરજદારની ગેરહાજરી અને પુરાવાના અભાવે નામંજુર કરવામાં આવેલ હતો. પરંતુ સદર કેસને રીસ્ટોર કરવામાં આવતા તેનો ગુણદોષ ઉપર ન્યાય નિર્ણય કરવામાં આવી રહેલ છે. પરંતુ રેકર્ડ જોતાં હાલના અરજદારે તેઓની અરજીમાં કે પુરાવા સોગંદનામામાં અગાઉ થયેલ હુકમ અંગેનો કયાંય ઉલ્લેખ કરવામાં આવેલ નથી. આમ અરજદાર અત્રેની કોર્ટમાં કલીન હેન્ડશ આવેલ નથી તેથી હાલના અરજદારને તેઓની વળતરની રકમ ઉપર વ્યાજ અપાવવુ ઉચીત જણાતુ ન હોઈ વ્યાજ અંગેનો હુકમ કરવામાં આવતો નથી. આમ સામાવાળા નં.૪ વિમા કંપની અરજદારને ફકત વળતરની રકમ જ ચુકવવા હકકદાર થાય છે તેમ ઠરાવવામાં આવે છે.

હવે સામાવાળા નં.૧ થી ૩ સામે પેનલ્ટીનો હુકમ કરવો જોઈએ કે કેમ તે અંગે જોઈએ તો આ કામે સામાવાળા નં.૧ થી ૩ નાએ અરજદારને તેઓની સારવારના અંગેનો તમામ ખર્ચ સામાવાળા નં.૧ થી ૩નાઓએ ચુકવેલ છે અને આ હકીકત અરજદારે તેઓના પુરાવા સોગંદનામામાં તેમજ ઉલટતપાસમાં કબુલ રાખેલ છે. એટલુ જ નહી સામાવાળાઓએ અત્રેની અદાલત સમક્ષ હાજર રહી પોતાનો બચાવ રજુ કરી કેસના પ્રોસીડીંગ્સમાં સહકાર આપેલ છે. આ સંજોગોમાં સામાવાળા નં.૧ થી ૩ ની સામે પણ પેનલ્ટીનો હુકમ કરવો ન્યાયોચીત જણાતું નથી. આમ પેનલ્ટી અંગે કોઈ હુકમ કરવાનું ઠરાવવામાં આવતું નથી.

અરજદારે તેઓની અરજીમાં તેઓનો સારવારનો ખર્ચ રૂ. બે લાખ જેટલો થયેલ હોવાનું જણાવેલ છે અને આંક–૭ ના લીસ્ટથી મેડીકલ સારવાર ખર્ચ અંગેના બિલો રજુ કરેલ છે અને અરજદારને સારવારમાં કુલ રૂ.૨,૦૦,૦૦૦/– ખર્ચ થયેલ છે તે રકમ અરજદાર સામાવાળા પાસેથી મેળવવા હકકદાર છે તેવું તેમની દલીલમાં જણાવેલ છે. જયારે સારવાર ખર્ચની રકમ ચુકવવાની જવાબદારી વિમા કંપનીની નથી તેવું વિમા કંપનીના વિદ્વાન વકીલશ્રીએ તેમની દલીલમાં જણાવેલ છે. મેડીકલ સારવાર ખર્ચ અંગેની રકમ અરજદારને મળવા પાત્ર થાય છે તેવી જોગવાઈ હોવાનું અરજદાર તરફથી દર્શાવવામાં આવેલ નથી. સદર અકસ્માત બનાવ તા.૨૧/૧૦/૧૧ ના રોજ બનવા પામેલ છે. તે વખતની આ કાયદાની પ્રવર્તમાન જોગવાઈ ધ્યાનમાં લેતા મેડીકલ સારવાર ખર્ચ અરજદારને મળવાપાત્ર છે તેવી કોઈ સ્પષ્ટ જોગવાઈ ન

હતી. મેડીકલ સારવાર ખર્ચની રકમ અપાવવા બાબતના જયારે જોગવાઈ ન હોય ત્યારે આપવી જોઈએ તેવું નામ.ઉપલી અદાલતે ઠરાવેલ હોય તેવો ચુકાદો અરજદાર તરફથી રજુ થયેલ નથી. જેથી મેડીકલ સારવાર ખર્ચની રકમ સામાવાળા પાસેથી અરજદારને અપાવી શકાય નહી તેવું મારૂ નમ્રપણે માનવુ છે અને તેથી અરજદારને મેડીકલ સારવાર ખર્ચની રકમ મળવાપાત્ર થાય છે તેવી અરજદારની દલીલ ગ્રાહય રાખવામાં આવતી નથી. ઉપરોકત ચર્ચાના આધારે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**// હુ ક મ //**

(૧) અરજદારની આ વળતર અરજી અંશતઃ મંજુર કરવામાં આવે છે.

(૨) આ કામના સામાવાળા નં.૪ વિમા કંપની અકસ્માત વળતરના રૂ.૨,૨૦,૫૩૫/– (અંકે રૂપિયા બે લાખ વીસ હજાર પાંચસો પાંત્રીસ પુરા) અરજદારને ચુકવવા જવાબદાર થાય છે.

(૩) વ્યાજ તથા પેનલ્ટી અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

(૪) આ કામના અરજદાર સામાવાળા નં.૧ થી ૩ પાસેથી અરજી ખર્ચના રૂ.૫૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) સંયુકત અને વિભકત રીતે મેળવવા માટે હકકદાર થાય છે.

(૫) આ કામના સામાવાળા નં.૧ થી ૪ નાઓએ વળતરની રકમ તથા ખર્ચની રકમ હુકમની તારીખથી દિન–૩૦ માં અત્રેની કોર્ટમાં જમા કરાવવાની રહેશે.

(૬) આ હુકમની જાણ તમામ પક્ષકારોને કરવી.

હુકમ આજરોજ જાહેર કર્યો.

મહેસાણા.
તા.૦૭/૦૩/૨૦૨૬

(મીમાંશા મહેશ અગ્રવાલ)
GJ01382
ન્યાયાધીશ, શ્રમ અદાલત અને એકસ ઓફિસિયો, કમિશ્નર ફોર ધ એમ્પ્લોઈ કોમ્પનસેશન, મહેસાણા.